૧૫૫૬

નરસિંરામ કૃત.

ભાગ ૧ લો.

સરવે સોખીન સજ્જનોને વાસ્તે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

નરસિંરામ જેઠાભાઈ.

અમદાવાદમાં.

"સમશેર બાહાદુર" છાપખાનામાં

સવાઈભાઈ રાયચંદે છાપી.

સંવત ૧૯૪૩ સને ૧૮૮૭

કિંમત બે આના.

૨૯૧

નરસિંરામ કૃત.

શ્રી ગ[illegible] સાહેબમાંહીં, અથ નરસીરામ કૃત લીખ્યતે.

[illegible]ક મારો કૃશ્ણજી ગીઆ, મોહન જઈને મથુરામાં રહ્યા;
જઈને કુબજાના થાયા, ગીરધારી ગોકુળમાં આવો;
[illegible]સી બેનામી બોલાવો, ગીરધારી ગોકુળમાં આવો. માસ ૧
[illegible] મારો મોહન નવ આવ્યા, સમાચાર કાંઈ નહીં કાવ્યા;
[illegible]ાલી કુબજાએ લલચાવ્યા, ગીરધારી. માસ૦ ૨
[illegible]ાસે પીડા બહુ થાયે, મેડી મંદર મારાં ખાવા ધાએ;
[illegible]ી એક જુગ જેવી જાણી, ગીરધારી. માસ૦ ૩
માહા માસે મહા દુખ પામી, નાથ મારા નવ રાખો ખામી;
[illegible]ાટ જોઊં સામળીઆ સ્વામી, ગીરધારી. માસ૦ ૪
ફાગણ માસે નવ જોયુ ફેરી, હરી વીના સુખ નથી જરી;
વીલખી વીલખી જાઊંછું મરી, ગીરધારી. માસ૦ ૫
ચઈતર માસે સુખ નથી થાતું, નાથ વીના નથી રેવાતું;

કહ્યા કેની આગળ કહીએ વાતુ, ગીરધારી. માસ૦ ૬
વૈસાક માસે વાટ વાલમ જોઇ, નાંખ્યો પ્રેમ પત્ર હરી કોઇ;
બેઠા ઓલી કુબજામાં મોઇ, ગીરધારી. માસ૦ ૭
જેઠ માસે જુદાઇ નવ જાંણી, મોહન મારા મેર ન આંણી;
પ્રિત્ય કરી પાતળીયા પશતાંણી, ગીરધારી ગોકુળમાં આવો. માસ૦ ૮
અસાડ માસે ઉપાઇ નવ જડે, વીધાતા તો વેરણ થઇ નડે,
હીરો મારો હાથ ન ચડે, ગીરધારી. માસ૦ ૯
સરાવણ માસે ચાલ્યા છે નીર, સાંમ વીના સુકાંણાં શરીર;
બાઇ નાવે બળભદ્ર વીર, ગીરધારી. માસ૦ ૧૦
ભાદરવે તો ભુદરને ન ભાળુ, મન વરતી કેમ કરી વાળુ:
આવો મારા ઓરડા અજવાળુ, ગીરધારી. માસ૦ ૧૧
આસુ માસે અલબેલો ન આવ્યા, સમાચાર ઓધવજીએ કાવ્યા
નાગર નરસીરામને બે ભાવ્યા, ગીરધારી. માસ૦ ૧૨

રાગ ઊપર પરમાંણે.

કારતક માસે કેનો કોણ તારૂ, પણ સમજો કેસે મારૂ મારૂ;
ઉઠી જાવું સાંજ કે સવારૂ, ભજી લેની ભાવશું શ્રી હરી;
મોંઘો મનખ્યો નાવે ફરી ફરી, ભજી લેની. માસ૦ ૧
માગસર માસે મંદિરને મેડી, હાલી જાયછે જોની તારી હેડી;

પડયાં રેશે ખેતર નાખ્યા ખેડી, ભજી. માસ૦ ૨
પોસ માસે પાણીના પરપોટો, ક્ષણું એકમાં થઇ જાશે ખોટો;
મેલ મુરખ અંતરનો ગોટો, ભજી. માસ૦ ૩
માહા માસે મોત ગાજે માથે, હોય ધન તો વાવર જમણે હાથે;
કર પુન્યે આવે પ્રાણિ સાથે, ભજી. માસ૦ ૪
ફાગણુ માસે ફોકટ ફેરો થાશે, જમ કિંકર જોરે જાલી જાસે;
જોનો જીવ દુખનો દરીઓ થાશે, ભજી. માસ૦ ૫
ચઇતર માસે ચાર ખાણ ફરી, લક્ષ ચોરાશી દેહ તેં ધરી;
તોય નથી બેસતો તું ઠરી, ભજી. માસ૦ ૬
વૈશાખ માસે વાર નહીં લાગે, કઇક ગીયા તાહરી આગે;
કુમતી માંન મુદગર વાગે, ભજી. માસ૦ ૭
જેઠ માસે જંજીરા બંધે બાંધિ, કમાણિતો કાંઇ નવ લાધિ;
પાપી જીવડે પેજારૂ ખાધિ, ભજી. માસ૦ ૮
અસાઢ માસે ઓરતો થાશે, નાશી ભાગી નવ જવાશે;
સુખ સર્વે સ્વપના તુલ થાસે, ભજી. માસ૦ ૯
સરાવણ માસે ચેતની પ્રાણિ, જાલી જમ રોકસે તારી વાણિ;
ગળે નહિ ઊતરે ભાઇ પાણિ, ભજી. માસ૦ ૧૦
ભાદરવેતો ભુપ ગયા ઊડી, શેઠ સાહુકાર ચલાવતા હુંડી;
જાતા દિઠા નાતા જે ત્રાબાકુંડિ, ભજી. માસ૦ ૧૧
આસુ માસે સમરોની શામ, અંતે આવે અલબેલો કામ;
કહે નાગર નરસીરામ, ભજી. માસ૦ ૧૨

રાગ ઊપર પરમાણ.

કારતક માસે કેફિ કશ કીધો, કુબનો તો હાવાનજી પીધો
છતે ધણીએ રંડાપો માગી લીધો, કહો કેમ કરીએ મારી બાઈ;
દુખ નથી વેઠાતું મેં દાડી, કહો કેમ કરીએ મારી બાઈ. માસ૦ ૧
માગશર માસે મોત નાખું મારે, અફીણીયાથી કોઈ ઊગારે;
હૈયે ગાળ્યું સાંજને સવારે, કહો. માસ૦ ૨
પોસ માસે પોર દી ચઢે જાગે, તરત ઊઠી જમવાનું માગે;
હાજર નહીં તો લાકડીનું વાગે, કહો. માસ૦ ૩
માહા માસે ગોતની નિશાણી, કર્મ ફુટણી કેફિ સંગ વેચાણી;
ભાઈ બેઠા બાપની કમાણી, કહો. માસ૦ ૪
ફાગણ માસે ફાટે નહી છાતિ, અંતરની આગ નથી ઓલાતી;
ઘર વખરી દિઠિ મેં વેચાતિ, કહો. માસ૦ ૫
ચઈતર માસે ચીંતા ઘણી થાય, દાંણા વીના દીન કેમ જાય. માસ. ૬
અફીણીઓ તો અદકુ ખાતો જાય.
વઈશાખ માસે વીખ નવ જડે, લેણા વાળા કઈક આવી નડે; કહો૦ ૭
અફીણીયા ખુણે જઈ પડે.
જેઠ માસે જરૂર જીવ જાશે, અફીણ વિના નવ રહેવાશે.
સારાં સારાં વસ્ત્ર હરાજ થાશે, કહો૦ ૮

અસાડ માસે ઓછુ નવ ખાય, નિત્ય નિત્ય પુરૂ કેમ થાય;
એક ઘડી જુગ જેવી જાય, કહો૦ ૯
સરાવણ મારી સુણ [illegible] સ્વામી. માતા પિતા મારાં થયાં હરામી
શીદ શોધ્યો [illegible] રવાંની, કહો૦ ૧૦
ભાદરવે તો [illegible] ન જડીઓ, [illegible];
વિધાતા તો [illegible], કહો૦ ૧૧
આશો માસે [illegible] ભારી, [illegible] જાતી [illegible] ઉગારી;
નરસીરામ કે વાત [illegible], કહો૦ ૧૨

[illegible]

કારતક મહીને કેની ક્યાંથી આવીઓ, ક્યાં જાણે નિશ્ચેની રધારજો; આગારદા દાન દીન પ્રત્યે ઉઠીને, તન ધન જાતાં નહી લાગે વારજો. એ મહીને ભજી લેની ભાઈ ભગવાનને, માસ૦ ૧
માગસર મહીને કાયા માયા નથી તારી, જાસે જોગ નહિયું કરાં પુરજો, ગામને ગરાસ મેલી મરી ગયા, ઉડી ગયાં જેમ આક તણાં તુરજો, એ મહીને૦ ૨
પોસે પર નીંદા પ્રીત તજ પર નારની, પરદારા પાતક ફેરી બાળજો, રાવણને દુર્યોધન રણમાં રોળીયા, ભસ્માસુર કીચક તણા જુવો હાલજો, એ મહીને૦ ૩

માહા મહીને માત પીતા નથી તાહરાં, નથી સુત બંધવ ભ ગની નારજો, એક દિન આગળ એવો આવશે. કુટિ પિટી કાઢે ઘરથી બારજો. એ મહિને० ૪

ફાગણ માહીને હોળી થાસે પંડની, પાવક બાળી કરસે તુને ખાખ જો; માનને ગોટાઇ મેલને મુરખા; જનમ ધરી ચોરાશી લા ખજો. એ મહીને० ૫

ચઇતર મહીને સાચા સાધુ શેવજે, ટળશે તારાં ત્રિવીધીના તા પજો, આળશને અજ્ઞાન કરજે અળગુ બળસે તારાં પુરવ જન મનાં પાપજો. એ મહીને० ૬

વઇશાખ મહીને વાલપ આણે વેણમાં, મુકાવશે મોહ મમતા અભીમાનજો, કામને ક્રુધ્ધી તારી કાઢસે, કરશે આપે આપ સમાનજો, એ મહીને० ૭

જેઠ મહીને એવા ગુરૂ જાણજે, કનક કામનીથી રહે દુરજો, સ્વેદ જરાયુ ઉદ્દિવજ ઇંડથી, ખેચી કાઢે કરે હરી હજુરજો, એ મહીને०૮

અસાડે અસંતથી રેજે અળગો, પાંખડી ફરે પ્રથવી માંયજો ટોપીને ટોલુ ભાળી માં ભુલજે, દામવામ ધુતા નાખે નરકની માંયજો, એ મહીને० ૯

શરાવણ મહીને સેતે એવા શંતથી, ભગવાં પેરી ભુલાવે ભગ્રા વાનજો, કામી ક્રોધીને લપટ લોપીયા, ગુરૂ થઇને આપે ખોટુ જ્ઞાનજો. એ મહીને० ૧૦

ભાદરવે તો ભરમાવ્યો એનાં ભેદમાં, વિશ્વાશ આણ્યો વિમુખ માંયજો, અંતે લેવાને જમતો આવીઆ, નવ દરવાજા રોકયા ઘટની પાંયજો. એ મહીને૦ ૧૧

આશુવે તુટી નાડીયુ.થાયે નોખીઉ. કંઠે ફરૂકરે અતી જોર જો. વેદના થાયે કોટીક વીછીની, દુખ પામ્યો દૈતું વના ચોર જો. એ મહીને૦ ૧૨

અધીક માસે અધીકસું કીજીએ, જોરે જાસી જમે કાંધો વાટ જો, ખોટા ગુરૂનાં ખાશડા ખાઇને; નરસીરામ કહે લખ ચોરા શી લલાટજો એ મહીને૦ ૧૩

સીતાજીના મહીનાનો રાગ.

સખી આવેલો કારતક માસકે, ફરી કરમે મળ્યો;
પુરાણ લાગેલ મુને પાપ, જીવતર મારો બળ્યો;
સખી વેરાણ માહારી માત, તાત તમને શું કહીએ;
કર્મ કરે તે ન કરે કોય, દોશજ કેને દહીએ. ૧
સખી આવેલો માગશર માસ, પીઊને પગે પડી;
નાત જાતમાં જાસે લાજ, કરશે લોક ઠેકડી;
સખી આવ્ય પ્રમાણે ખર્ચ, કંથ મારા કીજીએ;
કર્મ હીણા ન માને કાંઈ, સુખ કયાંથી લીજીએ. ૨
સખી પોસમાસે પીડા થાય, અફીણ વિના આપડે;

બચરાં છોકરાંનો તે તો કાળ, આવીને મુજને લડે;
સખી એવી અફીણીઆની ટેવ, કહેતાં બળે છાતડી;
કંથ મારો ઊંઘીને કાં ગાળ, કરે ખોટી વાતડી. ૩
સખી માહા મહીને મન માંચે, અંતરની શું ખોલીએ;
સોણું રૂપું લોકને થાય, વધુ નવ બોલીએ;
સખી વસંત રતે વીવા થાય, આંબે મોર આવીઆ;
નર નારી ઓઢી પેહરી જાય, ભલા સૌને ભાવીઆ. ૪
સખી ફાગણ રમે નર નાર, કંથ સંગે કામની;
મુજ પરણ્યો મારે માર, દોયલા દીન જામના;
સખી એવી રીતે કેમ જાય, દીન ઘણા દોયલા;
અંતર લાગીછે મારે આગ, બળી થાય કોયલા. ૫
સખી ચૈતરે ચીંતા ચીત્ત, લઈને ક્યાંથી આપીએ;
પ્રભુ માનુ તમારો હું પાડ, આવરદા કાપીએ;
સખી કેફીએ વાળ્યો કાળો કેર, ઝેર ખાઈ હું મરૂં;
એમ જનમારો શાને જાય, તેથી દીલમાં ડરૂં. ૬
સખી વીલખી વીલખી વૈશાખ કહો કેમ કાઢીએ;
બાઈ દાણાનો પડ્યો દુકાળ, પીઠી પંડ વાઢીએ;
સખી પાંભરના પટકુળ, વીખ સારૂ વેચીઆ;
નાખી નજર ન પડે નાથ, ઘરેણે ઘર મુકીઆ. ૭
સખી જેઠ માસે ઝગડા થાય, સીરામણ સવારમાં;

ઘંટીમાં બંડી પોહોરા ખાય, મુરખ આવે મારમા,
સખી અફીણ ઉગે આણુંદ, ઊતારે થાય આકળો;
ગાળુ દોએ ને મારવા ધાય, આવે બાઇ બે બાકળો. ૮
સખી અસાડે આવીઓ મેઘ, દમકે છે દામની;
મોર બપૈઆ કરે છે નાદ, રૂવે કેફી કામની;
સખી બીજાનીએ વાળુ વેહેર, આંક અવળા થાપીઆ;
જડુની પુજ્યને ન માગ્યું જોર, ગર્દન ન કાપીઆ.
સખી શ્રાવણ શીવ પુજન, સૈયર ન શાંભર્યું;
ઉગી જન્માનું ઉગીઓ પાપ, આજ અમને નડું;
સખી નીરમળ આવ્યાં નીર, ત્રણ પણ નીલાં થયાં;
મુજ પરણીઓ ભજવે, ભાઇ કહો કેમ જાયે ક્યાં. ૧૦
સખી ભાદરવે ભર જોબન, સૈયર દીઆ કાગળું;
પરણ્યે પણ ન કરી પ્રીત, જાું નામ રાગળું;
સખી મળે સૈયરનો સાથ, હાલી કરે હેતમાં;
કમળ ગુખી કરમાયું કેમ, ફાળ પડે પેટમાં; ૧૧
સખી આંસુ જરે ને રોવાય, ગોરી ગરબો ગાયછે;
હળી મળી કેફીડાના ગાય, કંઇ કેમ લજાય છે;
સખી એમ વોલ્યા બારે માસ, ભવ કેમ કાઢવો;
નાગર નરસઇરામના નાથ પાસે, ૧૨. માગવો. ૧૨

———o❋o———

ફેરી શાઇયર જેનો કંઠકો. એ ઢાળ છે.

અંત કાળે જીવ જાવુ એકલુરે, ભેળાં પુન્યને પાપ;
રાજા ધરમ લેખું માગસે. હાંરે તેને દજે જવાબ. અંત૦૧
બાળ ગયુને જોબન જાયછેરે, વ્રધનો સો વીશ્વાશ,
નાના મોટા નજરે દેખતા, હાંરે થયા ઉજડ આવાશ. અંત૦૨
દાંત ચાલાને દાકુ ચાલસેરે, કાળા મટી ગયા કેશ,
જમી બેઠી ઘણા જોરથી, હાંરે મુરખ માને ઉપદેશ અંત૦ ૩
જમ લઇ જાસે તુજનેરે, જેમ તેતરને બાજ,
નરસઇરામ કહે નિરચ્યે કરી, હાંરે જીવ બગાડુ કાજ. અત ૦૪

પદ, ૧

કઠણ વેળા અંતકાળનીરે, જીવ જાવુ જરૂર;
ઓશડ કરે નહી ઉગરે, હાંરે ચડયો જમને જે ઉર; કઠ૦ ૧
હડીઓ બોલેને ઘણુ હીબકેરે, પ્રાણી પડે પસ્તાય,
જીભ જલાણી તુટેનાડીઓરે, હાંરે વેદના વેણું તે થાયરે,
ભોંય નાખ્યોને ભેળાં થયાંરે, શગાં કુટંબ પરીવાર;
વાળી વીટી માંડયા લુટવા, હાંરે સ્વારથીઓ સસાર કઠ૦૩
તુળસીને તલ ભેળાં કરયાંરે, ગોપીચંદન ઘોળાય,
નરસઇ રામ કહે પાયજનવી, હાંરે જાણે જમ ઠગાય. કઠ૦ ૪

પદ ૨

જમ પુરીએ જીવ જાયછેરે માથે મુગદળનો માર;

જંજીરા બંધ બાંધીઓ હરિ પ્રાણી કરે પોકાર: જમ૦ ૧
ફુટી પીટી કાઢયો બરાણેરે, વાંસે લોકોનો નાર,
ઠીક બાંધીરે એની ઠાઠડી, હરિ થયો સોર બકોર, જમ૦ ૨
સમશાનમાં સુવારીઓરે, ભર્યા કાષ્ટનો ભાર,
અગનિ મુકીને અળગા રહયા, હરિ અંગે ઝરે અંગાર,
ભાઈ ભગની નારી દીકરારે, બેઠા વાંસેથી રોઈ,
નરસઈરામ કહે નહી મળે, હરિ ઠાલાં આંખુ કયાં ખોઈ,
જમ પુરીએ જીવ જાયછે. ૪

પદ ૩

પાપી જીવને પીડા થાયછેરે પ્રાણી કરે પોકાર,
કોઈ મુકાવે જમ મારથી, હરિ ગુરૂ મળયા ગુમાર, પાપી૦
જમદુત કે ન જાણતોરે, શત શાસ્ત્રની રીત;
નીયમ ન પાળાં નાથનાં. હરિ હવે થયો ફજીત. પાપી૦ ૨
કીકરે કોટે જાલીઓરે, મારો મારો કે મુખ,
પાટુ ગોઠણને ગડદા, હરિ દીયે દુષ્ટને દુખ, પાપી૦૩
આખુમાં ગજ ઘાલ્યારે, તન તળી ખાયરે,
નરસઈરામ કહે ન ભજયો, હરિ ઘણુ દુખે ઘેરાય. પાપી૦૪

પદ ૪

પાપીને નાંખોકુંભી પાકમાંરે, જાઓ દીયોને દુખ;
રાજા ધરમ કહે ધીઃકારછે, હરિ જાહરીના વીશ્રામ. પાપી૦

શેશ સુર્યને શારદારે, ભયે કરે ભજન;
તેથી મોટો તુ થયો, હારે તજ્યાં વાલાનાં વચન. પાપી૦ ૨
જંબુદ્વીપ ભરતખંડમારે, મોંઘો મનુષ્ય અવતાર,
તેને પામી હરી ના ભજ્યો, હારે જા મુઢ ધીકાર,
અઠાવીશ નરકના કુંડમારે, આણી પડો પરતાય,
નરસઈરામ કહે નીશ્ચે કરી, હારે હવે ચેતે શુ થાય, પાપી૦ ૪

પદ ૫

ચોરાશીમાં જીવ ચાલીઆરે, ઇંડે ધર્યા અવતાર,
મત્સ કચ્છ નાગને માખીઓ હારે દુખનો વારને પાર ચોરા૦
ઉદ્ભીજમાં ઉંધે માથે જુલતુરે, ઝાડ પાડના જાણ;
પાચા પીના વખતડું. હારે કરે કુહાડા હાણ. ચોરાશી૦ ૨
સ્વેદજમાંહી જીવ જાયછેરે, ચાંચડ માંકણના દેહ;
અલ્પ આયુશ ભોગવે, જન્મો મરેછે એહ, ચોરા૦ ૩
જરાયુ પ્રાણીને જાણીએરે, ઊંટ ખરના અવતાર.
નરસઇરામ કહે ચેતજો, હારે ભાર ભરે અપાર; ચોરા૦ ૪

પદ ૬

ગાને ઊદર મુરખ જાયછેરે, હેઠે જઠરાની જાળ,
ઊંધે માથે જુલવું, હારે કરવો ગળનો આહાર, માને૦ ૧
પરૂપંચન રૂધીરમાંરે, રહેવું દીનને રાત;
કરડે કીડા કાયા કોમળી, હારે મુખે કહ્યું ન જાત. માને૦૨

પોકાર કરે બહુ પ્રાણીઓરે, ભુલ્યો ભુલ્યો ભગવાન;
ભકતી કરૂ ભલી ભાવશું, હારે કાઢો જમ જમાન.માને૦ ૩
ઘાણી ઘંટીમાં જેમ કાંકરીરે, પડે જંતરડે તાર,
નરસઇરામ કહે પીલે શેરડી, હારે એથી પશાગો અવતાર.મા૦ ૪

પદ ૭

પ્રભુ ભજી લેને પ્રાણીઆરે, હવે આવ્યોછે પાર;
લક્ષ ચોરાશી ભોગવી, હારે જનમ મરણ અપાર. પ્રભુ૦ ૧
જમને જમાન આપીયારે, તેનો કર તપાસ,
દીન ઉગ્યો રજની આવશે, હારે છતી બાજી હારી જાશ.પ્ર૦ ૨
સાચા શદગુરૂ સેવજોરે, મટે મોહનને માન.
અસતથી રહેજે અળગો, હારે ધરજે હરીનુ ધ્યાન પ્રભુ૦૩
સાચે મારગે ચાલજેરે શત શાસ્ત્રની રીત;
નરસઈરામ કહે નાસ્યે કરી, હારે સહેજે જગજીત,

પદ ૮

રાગ ધોળ

જંબુ દ્વીપ ભરત ખંડમાં, મોંઘો મનુષ્ય અવતાર;
ભજી લેને ભગવાનને, દેવતાથી દુરલભ જાણવો,
નાવે પાછો વારંમવાર ભજી૦ ૧
ચીંવામણી મળીછે ચેતની, ચીતવીને જુગતી જીવ જાણુ ભ૦ ૨

આ તનથી સ્વર્ગે જવાયછે, આ તનથી નર્કે નીરવાણ.
આ તનથી હરીને પમાયછે આ તનથી છોટા મોટા થાય; ભ૦
ગીધ ગુંણકા રીંછ ભીછ વાંદરા, અધમ પશુ શાસ્ત્રમાં ગવાય.ભ૦૩
ભાઇ ભકતી કર ભલી ભાવશું, મેલી મોહ મમતા અભીમાન- ભ૦
નરસઇરામ કહે નીસ્ચે રાખજે, પુસ્તક સાટે ભજે ભગવાન. ભ૦૪

પદ રાગ અરબા

આવના આવના આવનારે, ભલા અસાજી મોલે આવના;
પ્રભાતે પાછા જાવનારે, ભલા અસાંજી મોલે આવના. ટેક.
તેરેરે કારણ રશોઇ બનાઇરે, ખાંતે કરી લાડુ ખાવનારે. ભલા૦ ૧
તેરેરે કારણ ભાત બનાયારે, દુધ મીશ્રીમાં ભાવનારે. ભલા૦ ૨
તેરેરે કારણ બીડીયાં બનાયારે, સુંદર વરચાવનારે. ભલા૦ ૩
આજુની રજની રંગભર રમીએરે, મોબતકી બાત બતાવનારે. ભ.૪
નરસઇરામ કહે નટ નાગર, દુસરેકુ ન કહાવનારે. ભલા૦ ૫

સખી ગોકુળ ગામના ચોકમાંરે

એ ઢાળ છે.

સખી પડવે પીઉ ન પધારીઆરે, કંસ મારીને કીધું શું કામ;
જઇને કહેજ્યો ઓધવજી એકાંતમારે. ટેક.
વચન આપીને ગયાતા મારા વાલમારે, કેમ ચુકયાછો સુંદર શામ.
જઇ ૧ સખી બીજે બહુ નામી બોલાવતારે, હેતે હસીને

જાતાં હાથ. જઈ૦ એ સુખ તે સ્વપ્ને સાંભળેરે, કેમ છો ડચોછે ગોકુળ સાથ. જઈ૦ ૨ સખી ત્રીજે તે નવતર છોડી એરે, પુરણ કરી પાતળીઆ મીત. જઈ૦ કુવે ઘાલીને વરત વાઢીઆરે, એવી છોડોની સુંદર રીત. જઈ૦ ૩ સખી ચોથે તે સેહેરના સુંદરીરે, મીઠા બોલી મથુરાંની નાર. જઈ૦ ભુરકી નાખીને ભરમાવીઆરે, કુગવંતી કુબજામાં પ્યાર. જઈ૦ ૪ સખી પાંચમે તે પલંગે પોઢતારે, પીઉ ચાંપતી તમારા પાય. જઈ૦ સાસુ સસરાથી છાનુ જમાડતીરે, મેં જાણું જીવન મોટા થાય. જઈ૦ ૫ સખી છઠે છઠીના કેમ ચુકીએરે, વેરણ વિધાત્રાનો વાંક. જઈ૦ વાલા મહેની થાય ઘણી વેદનારે, અલબેલા વાળ્યો આડો આંક. જઈ૦ ૬ સખી સાતમે તે ચંદન ઘોળતિરે, લેપન કરતિ નંદલાલ. જઈ૦ કેશર કસ્તુરી શીયા કામનીરે, મારે અંતર ઉઠી જવાળ જઈ૦ ૭ સખી આઠમે તેઓરડા ઓસરીરે, ખાતિલા ખાટખાવા ધાય. જઈ૦ મેડી મંદિરને માળીયારે, મોહન વિના મશાણ જેવા થાય. જઈ૦ ૮ સખી નોમે તે નમેરા નાથજીરે, મેરનાવી તમને મોરાર. જઈ૦ ઓલી કુબજાને કામણ આવડાંરે, કાના થઈ છે તમારી ઘરનાર. જઈ૦ ૯ સખી દસમે તે દિલ સુકાયછેરે, પાતળીયા જાયે મારાં પ્રાણ. જઈ૦ જાદુના બેલ ઘણા જોરથીરે, કાના મારેલ નેણનાં બાણ. જઈ૦ ૧૦ સખી એકાદશી જે હાડલેરે, વરૂણ સાથે કરેલ વાર. જઈ૦

પીયાળથી પીતાજીને લાવીયાંરે, કેમ વિસરે નંદકુમાર. જઇ૦ ૧૧ સખી દ્વાદશી જાયે ઘણી દોહલીરે, એનો ચાલે ન એક ઉપાય. જઇ૦ નીર સુકાતે જેમ માછલીરે, એમ પ્રાણ વાલા વિના જાય. જઇ૦ ૧૨ શખી તેરસે તે માત તાતનેરે, કાની સંભારે છે કેદીરવામ. જઇ૦ રાજ ભાળીને લસચાઇ ગયારે, શીદ લીએ ગોકુળનું નામ. જઇ૦ ૧૩ સખી ચઉદશે સુખ કયાંથી લીજીયેરે, ડુંગરાના ઉગા માથેરાભ. જઇ૦ અવીનાશી વીના હવે એકલારે, મારે માથે તુટી પડ્યો આભ, જઇ૦ ૧૪ સખી પુનમનું સુખ બહુ સાંભરેરે; રંગમાં રમાડે લરાશ. જઇ૪ સખી કેજો નરશીરામના નાથનેરે એવા દહાડા દેખાડો અવીનાસ જઇ કેહેજો ઓધવજી એકાંતમાં.
